# પ્રથમ પરીક્ષા – ઓક્ટોબર

# ધોરણ – 11 ભૂગોળ

સુચનાઓ : ⊙ આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** *(A, B, C, D, E)* વિભાગ છે અને **49** પ્રશ્નો છે.

⊙ બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.

⊙ પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

⊙ પ્રશ્નની સૂચના પ્રમાણે ઉત્તર લખો.

⊙ નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ - A

**નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*** **5**

**1.** ‘આર્યભટ્’ કઈ વિગતો વિશ્વને આપી ?

**[A]** દેશોનાં ભૌગોલિક સ્થાન વિશે **[B]** પૃથ્વીના કદ વિશે **[C]** ગુરુત્વાકર્ષણ વિશે **[D]** સૂર્યમંડળ વિશે

**2.** નેપ્ચ્યુનના ઉપગ્રહનું નામ નીચેના પૈકી કયું છે ?

**[A]** ડિમોસ **[B]** થીમલ **[C]** ટિટોન **[D]** ચંદ્ર

**3.** ‘રોબિન્સન’ સોનાની ખાણ કયા દેશમાં છે ?

**[A]** દક્ષિણ કોરિયા **[B]** દક્ષિણ આફ્રિકા **[C]** રશિયા **[D]** યુ.એસ.એ.

**4.** પાણી કરતાં વરાળ કેટલા ગણી વધુ જગ્યા રોકે છે ?

**[A]** 1400 **[B]** 1300 **[C]** 1500 **[D]** 1200

**5.** ઉચ્ચપ્રદેશો અને મેદાનો કઈ શ્રેણીમાં રચાયેલાં ભૂમિ સ્વરૂપો છે ?

**[A]** ચતુર્થ શ્રેણી **[B]** તૃતીય શ્રેણી **[C]** દ્વિતીય શ્રેણી **[D]** પ્રથમ શ્રેણી

## વિભાગ - B

**નીચેના પ્રશ્નોના એક–બે વાક્યોમાં ઉત્તર આપો : *[પ્રત્યેકનો 1 ગુણ]*** **5**

**6.** વિશ્વની ઊંડામાં ઊંડી ખાણ કઈ છે ? તે કયા ખંડમાં આવેલી છે ?

**7.** ખડકોના મુખ્ય પ્રકાર કેટલા છે ? કયા કયા ?

**8.** ખનીજના મુખ્ય પ્રકારો જણાવો.

**9.** ભૂપૃષ્ઠના નકશામાં કઈ બાબતો દર્શાવવામાં આવે છે ?

**10.** હેતુ આધારિત નકશાના પેટાવિભાગો કયા છે ?

## વિભાગ - C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો : *[પ્રત્યેકનો 2 ગુણ]*** **8**

**11.** ભૂગોળ કયા કયા વિષયો સાથે અનુબંધ ધરાવે છે ?

**અથવા**

હાલની વૈશ્વિક સમસ્યાઓ કઈ કઈ છે ?

**12.** પાર્થિવ ગ્રહો કયા કયા છે ?

**13.** ધૂમકેતુ એટલે શું ?

**14.** ભૂગર્ભ વિશે આપણું જ્ઞાન ખૂબ જ સીમિત છે. શા માટે ?

## વિભાગ - D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો :** ***[પ્રત્યેકનો 3 ગુણ]*** **12**

**15.** ભૂગોળની મુખ્ય પ્રશાખાઓ વિશે જણાવો.

**16.** સિયાલ એટલે શું ?

**17.** ભૂકંપ થવાનાં કારણો કયાં કયાં છે ?

**અથવા**

'ભૂકંપ આલેખક' પર ટૂંકી નોંધ તૈયાર કરો.

**18.** 'રૂઢ સંજ્ઞાઓ' નકશાની લઘુલિપિ છે. કારણ આપો.

## વિભાગ - E

**નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો :** ***[પ્રત્યેકનો 5 ગુણ]*** **20**

**19.** વાતાવરણ અને જલાવરણનો વિકાસ કેવી રીતે થયો ? સવિસ્તર લખો.

**અથવા**

પૃથ્વીની આંતરિક સ્થિતિ જાણવાના પરોક્ષ સ્રોત વર્ણવો.

**20.** ભૂકંપ–મોજાં વિશે સવિસ્તર લખો.

**21.** 'ખંડપ્રવહન' સિદ્ધાંત ચર્ચો.

**22.** ખનીજની વ્યાખ્યા આપી, તેનાં લક્ષણોની ચર્ચા કરો.